# અયોધ્યાવાસીઓની સત્યવાદી શિખામણ ‘દર્શન સંકલ્પ’



**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**

500 વર્ષ પછી અયોધ્યાનગરીમાં 22 જાન્યુઆરી 2024ના પવિત્ર દિવસે શ્રી રામલલ્લાનો ઐતિહાસિક પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ રંગેચંગે ઉજવાયો. કરોડોની સંખ્યામાં રામ ભકતોએ પોતાના ગામનાં મંદિરોમાં ભેગા મળીને જીવનના સર્વોચ્ચ આનંદની ક્ષણ અનુભવી અને અયોધ્યામાં તો દેશની ચારે દિશાઓમાંથી રામભકતોનો માનવ મહાસાગર ઉમટયો હતો. જય શ્રીરામનો ઉદ્‌ઘોષ અને રામલલકાર અયોધ્યાવાસીઓના તન, મન, ધનને સુવર્ણમય બનાવી ગયો અને અયોધ્યાવાસીઓ બોલ્યા ‘જય હો દેવ રામ રાજય શાસન આવ્યું છે.’ તમે સંકલ્પિત થાવ.

હવે આગળના સમયે રામાયણમાંથી પ્રેરણા લઈને ભારતના જાગૃત કર્તવ્ય તત્પર નાગરિક બનવાનો વિશેષ પ્રયત્ન પ્રારંભ કરવાની આવશ્યકતા છે. એટલે આપણું આચરણ દેશહિતકારક કરવાનો દૃઢનિશ્ચય કરવો આવશ્યક છે. પોતાના દૈનંદિન જીવનમાં દેશભકિત કેમ પ્રકટ થાય, શું કરવાથી દેશવાસીઓ સમાધાની બનશે, સુખ અનુભવશે તેનો સદ્‌વિચાર અને સદ્‌કૃતિ બાળકોથી લઈને વડીલો સુધી કરવી જ જોઈએ. પ્રથમ પ્રજામાં રામનું સત્ય પ્રગટ થવું જોઈએ. પછી દિલ્હી અને ગલીમાં રામ અવતરે એટલે અયોધ્યાનગરીના લોકોએ દર્શનાર્થીઓને શ્રીરામ પ્રેરિત કાર્યશૈલી કરવાનો અનુરોધ કર્યો છે. જે ભારતવાસીઓ માટે ઉપકારક છે. રામરાજયનો શિલાલેખ છે.

1. હરહંમેશ સત્ય બોલો અને સત્ય સાથે રહો. 2. પ્રત્યેક માણસ એક છોડ લગાવે, તેનું રક્ષણ અને સંવર્ધન કરે. 3. ભારતના નિષ્ઠાવાન નાગરિક થઈને સરકારી નિયમોનું પાલન કરો. 4. સાર્વજનિક સ્વચ્છતા જાળવવી. 5. આપણા બધા સાંસ્કૃતિક, ધાર્મિક, રાજકિય તહેવારો વ્યવસ્થિત રીતે ઉજવતા રહો. તેમાં આપણી ભાષા, વેશભૂષા, ભારતીય સંસ્કાર સંસ્કૃતિને લાજે તેવાં રાખો. બીજી કોઈ પધ્ધતિ, સંસ્કારને અપનાવવાના પ્રયત્ન ન કરો. 6. ઘરઆંગણે કે કૂંડામાં પ્રાણવાયુ આપનારી તુલસીના છોડ લગાવો. 7. રસ્તાની બંને બાજુમાં ટ્રાફિકને નડે નહીં તે પ્રમાણે સંબંધિત અધિકારીને મળીને વડલો, પીપળો, બિલિવૃક્ષ, આસોપાલવ, કડવો લીમડો, ગુલમોહર, ચંપો આદિ છાયા આપનારાં વૃક્ષો વાવવાનો પ્રયત્ન કરો. 8. પાણીનો બગાડ રોકો. શાળાના વિદ્યાર્થીઓને પાણી બચાવતા શ્લોગન આપો. 9. કચકડું તથા પ્લાસ્ટિક થેલીનો વપરાશ ન કરો, 10. ફૂટપાથો પર કબજો કરીને લારીઓમાં ખાદ્યપદાર્થ વેચે છે તેના ગ્રાહક ન બનો, 11. શહેર અને ગામ સ્વચ્છ રાખો, 12. જે દુકાનમાં ભેળસેળવાળી વસ્તુ વેચાય છે તે દુકાનનો બહિષ્કાર કરો. 12. નાનાં બાળકોને એકલાઅટૂલા ન છોડો. 13. માતૃભાષા બોલો, શિખવાડો. 14. ભારતીય વસ્ત્રો પરિધાન કરો. 12. કોઈ પણ જાતનું વ્યસન ન કરો. 16. કરકસરથી રહો, બચત કરો. 17. પોતાને જે કામ સોંપ્યું છે તે સ્વેચ્છાથી, પ્રામાણિકતાથી કરો. 18. કૌભાંડી ન બનો. 19. ભ્રષ્ટાચાર, વ્યભિચાર, દુરાચાર કદી પણ ના કરો. 20. અત્યાચાર અને બળાત્કાર ન કરો. 21. આપણે બધાં ભાઈબહેન છે એ સગપણ યાદ કરો. 22. સર્વત્ર બંધુત્વ વધારો. 23. ગરીબને સહાય કરો. 24. નારીનું સન્માન તથા રક્ષા કરો. 25. સંઘ ભાવના વધારો. 26. કયાં પણ અયોગ્ય, નીતિભ્રષ્ટ, અમંગલ, દોષપૂર્ણ કાર્યની જાણ થાય તો પર્દાફાશ કરો, સમાજને અપરાધીની જાણ કરો. 27. દેશ હિતેચ્છુ બનો. 28. વડીલોને માન આપો. 29. પવિત્ર રહો. 30 સ્વસ્થ રહો. ઉપરોકત કાર્યપધ્ધતિ અપનાવવાથી કુટુંબવ્યવસ્થા સશકત બનશે અને સમાજ બળશાળી બનશે. તમારું કર્તવ્ય તમે પોતે નિભાવશો તો દેશનો વિકાસ કહેવાય અને એ જ રામરાજયનો અવિભાજય ઘટક અને પાયો છે. શ્રીરામ અને રામાયણ કાળ પુનઃ નિર્મિત કરવા માટે અનેક રામભકતોએ જીવ ગુમાવ્યા છે. તેમનું બલિદાન યાદ રાખવા જેવું છે. રામ અને રામાયણનું મહત્ત્વ ફકત ધાર્મિક કે આધ્યાત્મિક નથી પણ રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક પણ છે કારણ ઉત્તર, મધ્ય, દક્ષિણ અને પૂર્વ પશ્ચિમ ભારતનો ભૂભાગ રામાયણ સાથે જોડાયેલો છે. મ્યાનમાર, થાઈલેંડ, ઈન્ડોનેશિયા, મલેશિયા, કંબોડિયામાં પણ રામાયણ મહિમા અસ્તિત્વમાં છે. આ બાળક રામનું મંદિર બન્યું એટલે સમગ્ર વિશ્વની નજર ભારતીયોની એકતા, બંધુત્વ અને સમરસતા પર સ્થિર બની છે. આ મંદિર તો ભારતના પુનરુત્થાનનું મૂર્તિમંત

**રામ અને રામાયણનું મહત્ત્વ ફકત ધાર્મિક કે આધ્યાત્મિક નથી પણ રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક પણ છે કારણ ઉત્તર, મધ્ય, દક્ષિણ અને પૂર્વ પશ્ચિમ ભારતનો ભૂભાગ રામાયણ સાથે જોડાયેલો છે. મ્યાનમાર, થાઈલેંડ, ઇન્ડોનેશિયા, મલેશિયા, કંબોડિયામાં પણ રામાયણ મહિમા અસ્તિત્વમાં છે**

દિવ્ય પ્રતીક છે. હિન્દુ એક જીવનશૈલી છે જ પણ મૂલતઃ હિન્દુ સનાતન ધર્મ છે. બધા એકત્વ અંગીકારીને રહીશું અને દેશનો વિકાસ કરીશું. રોજ હજારો રામભકતો નૂતન મંદિર જોવા જાય છે. રામ લલ્લાની પ્રસન્ન મોહક પાષાણ મૂર્તિના દર્શન સાથે અયોધ્યાવાસીઓની નમ્ર શિખામણ યાદ કરે છે. જય શ્રીરામ જય બાળક રામ.

---

# માને વય નહીં, વાત્સલ્ય હોય છે

**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**

એક દિવસનો મધર્સ ડે નહીં આપણે તો આજીવન અરે, મા ન હોય તો પણ શ્રાધ્ધ કરી તેને યાદ કરીએ. પહેલી સંસ્કાર પીઠ માતાની કૂખ છે. બાળક એટલે માતાના વિચાર અને પિતાના ચારિત્યનું પ્રતિબિંબ. સર્ગભાવસ્થામાં માતા કેવા વિચાર કરે, કેવા વાતારણમાં રહે, શું જુએ, શું સાંભળે? માતાના વિચારની ઉદરસ્થ બાળક પર બહુ અસર થતી હોય છે. માતાના પેટમાંથી બાળક સંસ્કાર મેળવે છે. ત્યાંથી શીખવવાની પ્રક્રિયાનો પ્રારંભ થઈ જાય છે. જીજાબાઈએ શિવાજીને ગર્ભમાંથી સંસ્કાર આપ્યા એ વાત સર્વવિદિત છે. દિલ્હીમાં નિર્ભયાનો કેસ બન્યો.

**મા સમાન રક્ષક, મા સમાન સ્નેહ વરસાવનાર, સુખ આપનાર દેવતા આ લોક અને પરલોકમાં પણ નથી. મા બાળકના સદગુણોને દુલારથી વધારે છે તો કયારેક દુર્ગુણોને ફટકારથી સુધારે પણ છે. મા બાળકનું હિત કેવી રીતે થાય એ સમજનારી જ્ઞાની છે**

દેશના જાગૃત નાગરિકો દ્વારા સ્વયંભૂ આંદોલન શરૂ થયેલું. એવી ઘટનાઓ ઘટવી બંધ થઈ નથી. ગમે તેટલા કડક કાયદા બનાવીએ પણ એ પર્યાપ્ત નથી. એ ઉપર હશે તો સંપૂર્ણ ધ્યાન ચરિત્ર નિર્માણ તરફ આપવું પડશે. આજે જો સહુથી મોટી કટોકટી હોય તો તે ચરિત્રની છે. માણસનું ચરિત્ર જો પડશે તો બધો વિકાસ ધોવાઈ જશે. આ માટે માતાનું ખૂબ મહત્ત્વ છે. મે મહિનાનો બીજો રવિવાર એટલે મધર્સ ડે. મા મમતાની મૂર્તિ છે. ‘કયા સીરત કયા સૂરત હૈ, વહ તો મમતા કી મૂરત હૈ,

પાંઉ છૂએ ઓર કામ હો ગયા, મા ખુદમેં શુભ મુહૂર્ત હૈ.’

પ્રભુના મમત્વનું સાકાર સ્વરૂપ એટલે મા. કોઈ ચિંતકે બહુ સરસ કહ્યું છે કે ‘પરમાત્મા દરેક જગ્યાએ પહોંચી નથી શકતા એટલા માટે એમણે મા બનાવી. મા મહાસાગર જેવી છે. જેવી રીતે સાગરની કોઈ સીમા નથી હોતી તેવી જ રીતે ‘મા’શબ્દની કોઈ સીમા નથી. મા યુનિવર્સલ શબ્દ છે. મા સાર્વભોમ શબ્દ છે. આપણા ઉપનિષદોમાં પણ માતૃ દેવો ભવઃ થી શરૂઆત કરવામાં આવી છે. જેવી રીતે સરિતાનો કોઈ સંપ્રદાય નથી હોતો. સરિતાની કોઈ સંકીર્ણતા નથી હોતી એવી જ રીતે ‘મા’શબ્દ એવો જ કોઈ પણ પ્રકારની સંકીર્ણતામાં બંધાતો નથી. મા બસ મા જ હોય છે. માથી વધીને સંસારમાં કોઈ તપસ્વી નથી. માતા સમાન શ્રેષ્ઠ તીર્થ બીજું કોઈ નથી. એટલા માટે જે માની સેવા કરે છે તેને ભગવાન મળે છે. ગણેશજીએ માતા-પિતાની પરિક્રમા કરી માતાપિતાનો મહિમા સમજાવ્યો છે. મા સમાન રક્ષક, મા સમાન સ્નેહ વરસાવનાર, સુખ આપનાર દેવતા આ લોક અને પરલોકમાં પણ નથી. મા બાળકના સદગુણોને દુલારથી વધારે છે. તો કયારેક દુર્ગુણોને ફટકારથી સુધારે પણ છે. મા બાળકનું હિત કેવી રીતે થાય એ સમજનારી જ્ઞાની છે. માને વય નહીં, વાત્સલ્ય હોય છે. માની નજરમાં સંતાન કયારેય મોટાં થતાં નથી. એ નાનાં જ રહે છે. વૃદ્ધ થઈ જાય પણ માતાની સંતાન પ્રત્યેની ચિંતા-ચિંતન ચાલુ જ રહે છે. સમુદ્રની સ્યાહી, તરુવરોની લેખની બનાવી શારદા સ્વયં માતાના ગુણનું વર્ણન કરે તો પણ એ માના ગુણોનું વર્ણન કરી શકતી નથી. માને કઈ કઈ ઉપમા આપું? વરસતી વાદળી કહું? જેમ વાદળી વરસ્યા કરે તેમ માની મમતાનો વરસાદ વરસ્યા જ કરે છે. પણ ના, વાદળી તો થોડી વાર વરસીને જતી રહે . સાત-આઠ દિવસની હેલી મંડાય પાછો ચોમાસામાંય ઉઘાડ નીકળે. વાદળને મોસમ હોય પણ માની મમતાને કોઈ મોસમ નથી. વિશ્વમાં બાળક જન્મે અને એના હોઠ પર જે પહેલો શબ્દ આવે મા. અને રૂદન પછીનો શબ્દ પણ ઝાઝે ભાગે મા હોય છે. બાપ-બેટા વચ્ચે જે સંબંધ છે એ બુદ્ધિપ્રધાન છે પણ માદીકરાનો સંબંધ હૃદયપ્રધાન છે.

રામ અને કૃષ્ણનાં જેટલાં મંદિર છે એટલાં કૂર્મ અને મત્સ્યાવતારના નથી. ‘મળી ન હરિને મા ત્યારે પરેશ્વર જો ને પશુ થયા.’નૃસિંહ અવતાર, વરાહ અવતાર. મા એક અક્ષરના આ શબ્દમાં સંસારની સમગ્ર મધુરતા સમેટાઈ ગઈ છે. મા કહેતાં જ બાળપણ યાદ આવી જાય છે. નવ-નવ માસ પેટમાં રાખી પોષ્યા છે એ મા આપણાં તીર્થોમાં સર્વોત્તમ તીર્થ એટલે મા. આવું માનનારો આપણો ભાવાત્મક હિંદુ સમાજ માને વૃદ્ધાશ્રમમાં મોકલે જયારે મુસલમાન ભાઈઓ માને વૃદ્ધાશ્રમમાં મોકલતા નથી. આપણી પરંપરામાં વાનપ્રસ્થાશ્રમ છે. વૃદ્ધાશ્રમને કયાંય સ્થાન નથી . વૃદ્ધાશ્રમ મજબૂરીથી સ્વીકારવી પડેલી વ્યવસ્થાનું નામ છે. માની સેવા,



માના મોઢા પરની મુસ્કાન એ સૌથી મોટું પુણ્ય છે. સ્ત્રી બાળકને નવ-નવ મહિના ગર્ભમાં રાખી પોષે છે એ એનું તપ છે. બાળકને ઉછેરી મોટું કરે એ તેનું તપ છે. સ્ત્રી એટલે તપની મૂર્તિ. માથી વધીને સંસારમાં બીજું કોઈ તપસ્વી હોય એવું લાગતું નથી. સંતો પણ કહે છે કે ‘‘જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર’’ આપણી સંસ્કૃતિએ માતાનું ગૌરવ ખૂબ જ વધાર્યું છે. આપણી સંસ્કૃતિ વીર માતાઓથી વિભૂષિત છે. શકુંતલાએ ભરતને સિંહનું મોઢું ફાડી દાંત ગણતો શૂરવીર પુત્ર જન્માવ્યો જેના નામ પરથી દેશનું નામ ભારત પડયું. હનુમાનને જન્મ આપી મા અંજની અને રામને જન્મ આપી કૌશલ્યા કૃતાર્થ થયાં. કુંતીએ સંઘર્ષ કરી પુત્રોને જીવન ઘડતરના પાઠ ભણાવ્યા.

( પૂ. રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈ)ના સત્સંગને આધારે)